માડની લોકકથા

GUJARATI





# અચ્છા માસી, અલવિદા!



પ્રભાત

ચિત્રો: સુનિતા

eklavya

# માડની લોકકથા

રાજસ્થાનના કરૌલી જિલ્લાના ગંગાપુર, બામનવાસ અને નાદૌતી વિસ્તારોને માડનો પ્રદેશ કહે છે. આ કાળી માટીના ખેતરો વાળો, સુક્કો વિસ્તાર છે. ભારતભરના ગામડાંની જેમ આ વિસ્તારમાં પણ લોક સાહિત્યની સમૃદ્ધ પરંપરા છે. અહીં લોકકથાઓ, લોકગાથાઓ અને પૌરાણિક કથાઓને અખાડામાં ગાઈને સંભળાવવામાં આવે છે. લોકકથાઓ પર આધારિત લોકગીતોના ગાયનની અનેક શૈલીઓ પણ અહીં પ્રચલિત છે જે કન્હૈયા, પદ, હેલાખ્યાલ, સુડ્ડા નામોથી ઓળખાય છે.

માડની લોકકથાઓમાં હોય છે માડના ઝાડ. ઝાડ પર માડના પક્ષી. સુદૂર પાણી ભરવા જતી ઘાઘરી- પોલકાં પહેરેલ માડની સ્ત્રીઓ અને છોકરીઓ. કાળા ખેતરમાં કામ કરતાં માડના લોકો અને આખી-આખી રાત ચાલતાં માડના વાવાઝોડાં. માડની લોકકથાઓમાં માડની ધરતીની વાણી સંભળાય છે.





# અચ્છા માસી, અલવિદા!

પ્રભાત

ચિત્રોઃ સુનિતા



eklavya ARCH





એક હતી ચકલી. ઉડતાં-ઉડતાં તેને એક
ભેંસ દેખાઈ.

ચકલીએ ભેંસને પૂછ્યું, “તારી પીઠ ઉપર
બેસું? હું થાકી ગઈ છું.”

“ભલે બેસ, પણ મારા પર ચરકતી નહીં!”
ભેંસ બોલી.



બેસતાં વેંત ચકલીએ ભેંસ પર ચરકી દીધું.


ભેંસે તરત પૂંછડી ઘુમાવીને ચકલીને પાડી દીધી, અને તેના પર પોદળો કરી દીધો.

ચકલી ભેંસના પોદળામાં દબાઈ ગઈ. તેણે બૂમાબૂમ કરી મૂકી, “મરી ગઈ રે... મરી ગઈ!”











ચકલીની બુમરાણથી ત્રાસીને ભેંસ ત્યાંથી કાન હલાવતી હલાવતી જતી રહી.

જેવી ભેંસ ગઈ એવી બિલ્લી ત્યાં આવી પહોંચી. બિલ્લી તો ચકલીની જાની દુશ્મન.

તેને જોઈને ચકલી ડરી ગઈ. વિચારવા માંડી કે ‘હવે શું કરું?’

તેણે બિલ્લીને કહ્યું “તમે તો મારા માસી થાઓ, હેં ને? મારી મમ્મીની બેન.”



બિલ્લી બોલી, ‘‘માસી તો થાઉં ડાહી, પણ હું ભૂખીયે થઇ છું.’’

ચકલી ગભરાઈ પણ હિંમત રાખીને બોલી, ‘‘લો, એમાં શું છે. પહેલા મને પોદળામાંથી કાઢી દો. પછી આપણે બંને તમારા માટે ખાવાનું શોધવા જઈએ.’’

‘‘અરે ખાવાનું શોધવાની ક્યાં જરૂર છે? તું છે ને,’’ લાળ ટપકાવતી બિલ્લી બોલી.











ચકલી એકદમ જ ગભરાઈ ગઈ, પણ બોલી, “અત્યારે તો હું સખ્ખત ગંધાઉ છું. ખાવી જ હોય તો પહેલા મને પોદળામાંથી બહાર કાઢો. પછી તળાવમાં બરાબર ધુઓ. પછી મને તડકે સૂકવો. ને પછી મજાથી ખાજો.” ચકલીની આ વાત બિલ્લીને ગમી ગઈ.



બિલ્લીએ ચકલીને પોદળામાંથી કાઢી. તળાવમાં પટકીને બરાબર ધોઈ. પછી તડકે સુકવી.

ચકલી તડકામાં સુકાતી હતી. ભૂખી બિલ્લીના પેટમાં બિલાડા બોલતા હતાં.









ચકલી જેવી સુકાઈ ગઈ તેવી ફરરર કરતી ઊડી ગઈ, ‘‘અચ્છા માસી, અલવિદા!’’

બિલ્લી આકાશમાં તાકતી રહી ગઈ.



# અચ્છા માસી, અલવિદા!
# Achha Masi, Alvida!

માડની લોકકથા
પુનર્લેખન: પ્રભાત
ચિત્રો: સુનિતા
ગુજરાતી ભાષાંતર: બંસી
સહયોગ: આર્ચ ટીમ

એકલવ્ય દ્વારા હિન્દીમાં પ્રકાશિત ‘अच्छा मौसी अलविदा!’ વાર્તાનું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of story ‘Achha Mausi Alvida!’ published in Hindi by Eklavya.

CC BY NC ND એકલવ્ય અને આર્ચ
આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે.

ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે પુસ્તકનો મૂળ સ્ત્રોત તરીકે ઉલ્લેખ કરવો તથા પ્રકાશકને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે આર્ચ તથા એકલવ્યનો સંપર્ક કરવો.

પ્રથમ સંસ્કરણ: જુલાઈ - 2023 / 2000 નકલ
કાગળ: 100 gsm મૅપલીથો અને 210 gsm પેપર બોર્ડ (પૂંઠું)
ISBN: 978-93-94552-87-6
કિંમત: ₹ 60.00

સહપ્રકાશક:

આર્ચ (ARCH)
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
ઈમેલ: arch.dharampur@gmail.com

એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in / books@eklavya.in

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 2687 589



ઉઘાડા પગે ચાલનારા, ગાંધીની જેમ ધોતીના બે કટકાથી શરીરને ઢાંકવાવાળા, રાયસના ગામના રામસહાય નાઈ માટે, કે જેના જીવનના ખજાનામાં લોકકથાઓના અણમોલ રત્નો છુપાયેલા હતાં.

— **પ્રભાત**

રામસિંહ ગામમાં મામા સાથે વીતેલા મારા બાળપણની યાદ માટે.

— **સુનિતા**

## પ્રભાત

રાજસ્થાનના કરૌલી જિલ્લામાં જન્મ. શિક્ષણના ક્ષેત્રમાં સ્વતંત્ર કાર્ય. બાળકો માટે ગીતો, વાર્તાઓ, કવિતાઓ અને નાટકોના વીસ થી પણ વધુ પુસ્તકો પ્રકાશિત. યુવા કવિતા સમય સમ્માન સન 2012 અને સર્જનાત્મક સાહિત્ય પુરસ્કાર સન 2010.

## સુનિતા

રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લાના દાંતાસૂતી ગામમાં જન્મેલાં સુનિતાએ કલાની યાત્રા પૂર્વ રાજસ્થાનની પારંપરિક ભીત્તિચિત્રકલા માંડનાથી શરુ કરેલી. ત્યારબાદ તેમણે કાગળ અને કૅન્વાસ પર સ્વતંત્ર રીતે કામ શરૂ કર્યું.
સુનીતાનું પહેલું પુસ્તક *ગોબલ યુ અપ* તારા બુક્સ દ્વારા પ્રકાશિત થયું. આ પુસ્તક ઘણું ચર્ચામાં રહ્યું અને તેનો અંગ્રેજી, કોરિયન, ઈત્યાદિ ભાષાઓમાં અનુવાદ થયો છે.





ભેંસના પોદળામાં ફસાયેલી એક
ચકલી, કેવી રીતે બચાવે છે એક
બિલ્લીથી પોતાનો જીવ...

Price: ₹ 60.00

ARCH eklavya

9 789394 552876